આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **10-04-2024**　　　　　સમય : સવારે **6.50** વાગ્યે

---

## <u>ચૂંટણીપંચ-ચૂંટણી</u>

ચૂંટણી પંચે મતદારો માટે ઉમેદવારોને ઓળખવા અને તેમનો ગુનાહિત ઇતિહાસ ચકાસવા અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ શરૂ કર્યો છે. જેમાં ચૂંટણીપંચે Know Your Candidate અને KYC નામની એપ બનાવી છે.

ચૂંટણીમાં મતદારે ઉમેદવારને ઓળખવું ખૂબ જ જરૂરી છે. ઉમેદવારોની પૃષ્ઠભૂમિ અને તેમની ભાવિ યોજનાઓ વિશે જાણીને, મતદારો સંભવિત મુશ્કેલીઓ ટાળી શકે છે અને તેમના માટે કામ કરે તેવા ઉમેદવારને પસંદ કરી શકે છે. તે માટે Android અને iPhone બંને પર આ બંને એપ્લીકેશન ઉપલબ્ધ છે.

**RNU** અમદાવાદ

---

## <u>દિલ્હી-હોમિયોપેથી સેમિનાર</u>

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે નવી દિલ્હીમાં યશોભૂમિ કોન્ફરન્સ સેન્ટર, દ્વારકા ખાતે વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે બે દિવસીય હોમિયોપેથી સેમિનારનું ઉદ્ઘાટન કરશે. સેમિનારનું આયોજન આયુષ મંત્રાલય હેઠળની સેન્ટ્રલ હોમિયોપેથી રિસર્ચ કાઉન્સિલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. તેની મુખ્ય થીમ 'સશક્તિકરણ સંશોધન પ્રવિણતા વધારવા' છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ સર્વગ્રાહી સ્વાસ્થ્ય અને સુખાકારી અને હોમિયોપેથી સંશોધનમાં અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે.

**RNU અમદાવાદ**

--------------------------------------------------------------------

## આઇપીએલ ક્રિકેટ

આઇપીએલની ગઇકાલની રસાકસી ભરી મેચમાં સનરાઇઝર હૈદરાબાદની ટીમે પંજાબ કિંગ્સ ટીમ સામે માત્ર બે રને જીત મેળવી હેટ્રીક નોંધાવી છે. પંજાબના મલાલપુર ખાતે પ્રથમવાર રમાયેલી મેચમાં હૈદરાબાદની ટીમે 9 વિકેટ ગુમાવી 182 રન કર્યા હતા. જવાબમાં પંજાબની ટીમે 6 વિકેટ ગુમાવી 180 રન કરી શકી હતી. તેથી માત્ર બે રનથી હૈદરાબાદની ટીમનો વિજય થયો હતો.

ચંદ્રવદન પટ્ટણી

--------------------------------------------------------------------

## ધો.10 પછી C to D નોંધણી

ધોરણ 10 પછીના ડિપ્લોમા ઇજનેરી સર્ટિફિકેટ ટુ ડીપ્લોમાં પ્રવેશ માટે 15 એપ્રિલથી 15 મે સુધી નોંધણી કરાવી શકાશે.

પ્રવેશ સમિતિ દ્વારા ધોરણ 10 પછીના વિવિધ ડિપ્લોમા ઇજનેરી કોર્સમાં પ્રવેશ માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અગાઉ ધોરણ 10 પાસ થયેલ વિદ્યાર્થીઓ 15 એપ્રિલથી 15 મે સુધી અને C TO D માટે 15 એપ્રિલથી 30 એપ્રિલ સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવી શકાશે. ચાલુ વર્ષે ધોરણ 10ની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પરિણામ જાહેર થયા બાદ નોંધણી કરાવી શકશે.

વિદ્યાર્થીઓ દરેક ડિપ્લોમા ઇજનેરી કોલેજોમાં શરૂ કરાયેલો હેલ્પ સેન્ટરમાં જઇને પણ ઓનલાઇન નોંધણી કરાવી શકશે.

વિરલ રાણા

---------------------------------------------------------------------

## ગુજરાત સ્ટેમ ક્વિઝ નોંધણી

ગુજકોસ્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત ક્ષેત્રે જ્ઞાનમાં વૃદ્ધિ થાય તે માટે યોજાતી ગુજરાત સ્ટેમ ક્વિઝ – 3 માટે ઓનલાઈન નોંધણી શરૂ કરાઈ છે.આ ક્વિઝમાં ધોરણ – 9થી ધોરણ – 12ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ ક્વિઝમાં

વિજ્ઞાન, ટેકનોલોજી, ઈજનેરી અને ગણિત ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછાશે. પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્તરના રહેશે. ક્વિઝની ભાષા ગુજરાતી અને અંગ્રેજી હશે.

વિરલ રાણા

---

## ગરમીનું મોજું

ચૈત્ર માસની શરૂઆતથી જ કચ્છમાં ઉનાળાના આકરા તેવર જોવા મળી રહ્યા છે તેવામાં આજે બુધવારથી ત્રણ દિવસ સુધી ગરમીનું મોજું ફરી વળવાની સંભાવના દર્શાવાઇ છે. રાજ્યમાં ત્રીજા ક્રમે ઉષ્ણ બનેલા ભુજમાં મહત્તમ 41.4 ડિગ્રી સાથે તાપ અનુભવાયો હતો જ્યારે લઘુતમ તાપમાન 25 ડિગ્રી રહ્યું હતું. આગાહી મુજબ ગરમીનું મોજું ફરી વળે તો તાપમાન 42 ડિગ્રી કે તેનાથી વધુ રહેવાની શક્યતા છે.

**N.P. આરતી ભટ્ટ**

---

## કચ્છ યુનિ. સ્કીલડેવલ્પ કોર્ષ

નેશનલ એજયુકેશન પોલિસી અંતગર્ત વિદ્યાર્થીઓમાં વર્ષના અભ્યાસક્રમની સાથોસાથ સ્કીલ ડેવલપ થાય તેવા નાના નાના કોર્ષ કચ્છ યુનિવર્સિટી શરૂ કરવા જઈ રહી છે.

**N.P. આરતી ભટ્ટ**

---